| | | |
|---|---|---|
| Innovation ID | **DTP0010000002732** | **Sr No : 1** |

**Innovation Title:** પશુને વા (Arthritis)

**Category:** પશુ સંવર્ધન

**Notebook Number:** lok (૩) ૨, Mar-Apr-૧૯૯૮, Pg No.૬

**Brief:** પશુને વા (Arthritis) થયો હોય ત્યારે સરગવા (Moringa oleifera) ના ઝાડની આંતરછાલ અને સંઘેડાના ઝાડની આંતર છાલનો ઉપયોગ

**Detail:** પશુના પગના સાંધામાં દુઃખાવો થાય છે. પગ જકડાઈ જાય છે જેને સાદી ભાષામાં વા (Arthritis) થયો એમ કહે છે. વા (Arthritis) થવાને કારણે પશુને ચલાવવામાં ખૂબ તકલીફ પડે છે. સાંધામાં દુઃખાવો થતા પશુ લંગડાતુ ચાલે છે. ખેતીકામ કે વજન ખેંચવાનું થઇ શકતું નથી.

પશુના સાંધા જકડાઇ જાય ત્યારે સરગવા (Moringa oleifera) ના ઝાડની આંતરછાલ અને સંઘેડાના ઝાડની આંતર છાલનો પ્રયોગ જૂનાગઢ જિલ્લાના જાંબળા ગામના ખેડૂત રાજેશભાઇ મથુરભાઇ રાદડીયા કરે છે.

ખેડૂતનાં જણાવ્યા મુજબ એકાદ કિલો સરગવો અને સંઘેડાના ઝાડની છાલ ભેગી કરી તેને ૪ લીટર પાણીમાં નાખી ઉકાળીને પાણી અડધું થાય એટલે તાપેથી નીચે ઉતારી ઠંડું પાડીને તેનાથી પશુના સાંધા પર માલીશ કરવાથી રાહત થાય છે. પશુને આરામ ન થાય ત્યાં સુધી આમ દ્રાવણનું માલિશ ચાલુ રાખવામાં આવે છે

આ પદ્ધતિમાં કોઈ આડ અસર નથી થતી આથી સાવચેતી રાખવાની જરૂર પડતી નથી.

વનસ્પતિની માહિતી –
સરગવા અને સંઘેડાના ઝાડની છાલનો ઉપયોગ થાય છે. જેમાં સરગવાનું ઊંચુ ઝાડ થાય છે. જેમાં તુલસીથી નાના પાન લીલા રંગના થાય છે. સફેદ જીણા ફુલ આવે છે. અને તેમાંથી સીંગો ઊગી નીકળે છે. જેનો શાકમાં ઉપયોગ કરવામાં આવે છે. જે કડવો અને મીઠો એમ બે પ્રકારનો જોવા મળે છે. અને ડાળીઓ વાવવા જતા તુરંત ફુટી જાય છે. જ્યારે સંઘેડાનું ઊંચુ વડ જેવુ વૃક્ષ થાય છે. જેના પાન વડ જેવા હોય છે અને જંગલ વિસ્તારમાં જોવા મળે છે. જે ઘણી ઓછી જગ્યાએ જોવા મળતું હોવાથી માત્ર સરગવાની છાલ દ્વારા પણ સાંધાનો દુખાવો મટાડી શકાય છે.

આ પદ્ધતિ માણસને પણ સાંધાનો દુખાવો થાય ત્યારે પણ ઉપયોગમાં લઇ શકાય છે.
સરગવાનું ઝાડ દરેક જગ્યાએ મળી રહેતુ હોવાથી ખર્ચ નહિવત થાય છે.

અન્ય જાણકાર વ્યક્તિના નામ
- સામજીભાઈ રાઘડીયા
- ગાંગનભાઈ માધાભાઈ કપીરીયા – પ્રેમપુરા
- સવજીભાઈ પટેલ

**Method of Use:**

**Caution:**

**Benefit:**

**Condition:**

**Material Used:** સરગવા (Moringa oleifera) ના ઝાડની આંતરછાલ અને સંઘેડાના ઝાડની આંતર છાલ

**IPR Status:**

**Keywords:** વા, Arthritis, પશુ , સરગવા, Moringa oleifera, ઝાડ, છાલ, સંઘેડા, જૂનાગઢ

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૪૪૨ | Member Type | Scout | | |
|---|---|---|---|---|---|
| First Name | સુભાષચંદ્ર | Middle Name | | Last Name | ચોથાણી |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | ચિરોડા | Taluka | મેંદરડા | | |
| District | Junagadh | State | Gujarat | Country | India |
| Biography | ખેડૂતનો પરિચય:<br>ખેડૂત શ્રી જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાનાં ચિરોડા ગામનાં વતની છે. | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૮૧ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | રાજેશભાઈ | Middle Name | મથુરભાઈ | Last Name | રાદડીયા |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મુ. જાંબળા | Taluka | વિસાવદર | | |
| District | Junagadh | State | Gujarat | Country | India |
| Biography | ઉત્તરદાતાના જણાવ્યા અનુસાર તેઓની ઉમર ૪૫ વર્ષની છે. પોતે ૧૦ ધોરણ પાસ છે. અને જમીન ૩૦ વિઘા છે. મગફળી ઉપરાંત કપાસ, બાજરી, ઘઉ તેમજ મકાઈ અને રજકો જેવા ચારાના પાકોનું પણ વાવેતર કરે છે. પશુઓમાં બે બળદને એક ભેંસ છે. ઘરમાં પાંચ સભ્યો છે. ખેતી તેમનો મુખ્ય વ્યવસાય છે. રહેવા માટે પાકુ નળીયાવાળુ મકાન ધરાવે છે. બળદગાડુ છે. ખેતીના વ્યવસાય દ્વારા ઘરનું ગુજરાન ચલાવે છે. ખેતીમાં ઘણો બધો રસ છે. ખેતીમાં સજીવખેતી તરીકે છાણીયા ખાતરનો ઘણો બધો ઉપયોગ કરે છે. પીયતની સુવિધા હોવાથી શિયાળુ અને ઉનાળામાં પણ વિવિધ પાકોનું વાવેતર કરે છે. ખેતી રાસાયણિક કરે છે. સજીવખેતી અપનાવવાનો વિચાર છે. એકંદરે આર્થિક પરિસ્થિતિ સારી છે અને દરેક તહેવારો રસપૂર્વક ઉજવે છે.<br><br>ગામનો પરિચય-<br>જાંબળા ગામ વિસાવદર તાલુકાથી ૧૬ કિમીના અંતરે આવેલુ છે. ત્યાં જવા માટે ખડીયા ચોકડીથી રિક્ષાઓ મળી રહે છે. ગામની વસ્તી ૨૦૦૦ની છે. જેમાં પટેલ ઉપરાંત કોળી, રબારી, ભરવાડો, વણકર વગેરે જ્ઞાતિના લોકો રહે છે. ૧થી ૭ ધોરણ માટેની પ્રાથમિક શાળા ગામમાં આવેલી છે. વાહનો સરળતાથી મળતા નથી. રીક્ષાઓ મળી રહે છે. ગામમાં રસ્તાઓ કાચા છે. ચેકડેમની સુવિધા છે. સરકારી કુવા અને પંપ દ્વારા લોકોને પાણી મળી રહે છે. લોકો કાચા નળીયાવાળા તેમજ ૧૦ ટકા પાકા મકાનોમાં રહે છે. મોટાભાગના લોકો ખેતી સાથે સંકળાયેલા છે. મગફળી, કપાસ, બાજરી, ઘઉ તેમજ નાળીયેરી, આંબા જેવા બાગાયતી પાકો આ વિસ્તારમાં વાવેતર કરવામાં આવે છે. દિવાળી, નવરાત્રી, હોળી જેવા તહેવારો ગામમાં ઉજવવામાં આવે છે. ગામની પરિસ્થિતિ મધ્યમવર્ગની છે. | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૭૪ | Member Type | Verifier | | |
|---|---|---|---|---|---|
| First Name | વિપુલ | Middle Name | વી. | Last Name | વાસન |
| Profession | | Designation | | | |
| Address 1 | શક્તિનગર- ૧, શાંતેશ્વર રોડ, જોષી પરા | | | | |
| Village | જૂનાગઢ | Taluka | જૂનાગઢ | | |
| District | Junagadh | State | Gujarat | Country | India |
| Biography | | | | | |